# સણસોલી ગામ ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને ફાર્મ ટેકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર દ્વારા પ્રાકૃતિક ખેડૂત શિબિર યોજાઈ

આણંદ કૃષિ યુનિવર્સિટીના, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા મહેમદાવાદ તાલુકાના સણસોલી ફાર્મ ખાતે કુલપતિ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા પ્રાકૃતિક કૃષિની અગત્યતા ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે માહિતી આપેલ હતી.

આણંદ કૃષિ યુનિવર્સિટી, કૃષિ સંશોધન કેન્દ્ર તેમજ ફાર્મ ટેકનોલોજી ટ્રેનિંગ સેન્ટર દ્વારા પ્રાકૃતિક ખેતીનો તાલીમ કાર્યક્રમ યોજાયો જેમાં બે હેક્ટર જમીનમાં પ્રાકૃતિક ખેતી મોડલ અંતર્ગત પ્રથમ ઋતુમાં શણનું વાવેતર કરી, જીવામૃતનો ઉપયોગ કરી યુનિવર્સિટી ફાર્મ ખાતે શરૂઆત કરી.

સદર તાલીમમાં અત્રેના કેન્દ્રના ડૉ. એમ. બી. ઝાલા, ડૉ. તારક પટેલ, હિરેન પટેલ તેમજ અન્ય સ્ટાફ હાજર રહી ખેડૂતોને પ્રોત્સાહિત કરેલ છે. સણસોલી ગામના ૧૦ ખેડૂતો અને ૧૧ મહિલા ખેડૂતોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો.




